# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૯ તા.૨૬-૦૬-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- છાત્ર સન્માન કાર્યક્રમ બાબત.

સંદર્ભ :- અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ પરિવાર કલ્યાણ વિકાસ ટ્રસ્ટનો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ પરિવાર કલ્યાણ વિકાસ ટ્રસ્ટ દ્વારા મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષક, શિક્ષકશ્રીઓ સહિત તમામ કર્મચારીઓના સંતાનો કે જેમણે માર્ચ/એપ્રિલ-૨૦૨૪માં લેવાયેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના તમામ પ્રવાહમાં ૭૫% કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું આયોજન કરેલ છે. તો નીચે દર્શાવેલ માહિતી તા.૩૧-૦૭-૨૦૨૪ સુધીમાં વિદ્યાર્થીઓની પ્રમાણિત કરેલ માર્કશીટને બાળસંરક્ષણ ગૃહ, કામા હોટલાની બાજુમાં, ખાનપુર, અમદાવાદ ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા મોકલી આપવા જણાવવામાં આવે છે.

:: માર્કશીટની પાછળ લખવાની વિગત ::

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | શિક્ષક/કર્મચારીનું નામ | : |
| ૨ | શાળા / ઓફિસનું નામ | : |
| ૩ | ટેલિફોન / મોબાઈલ નંબર | : |
| ૪ | વિદ્યાર્થીનું નામ | : |
| ૫ | ધોરણ | : |
| ૬ | ઘરનું સરનામું | : |
| ૭ | મેળવેલ ટકા (%) | : |

તા.૨૬-૦૬-૨૦૨૪

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી